# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના વિદ્યાર્થી એ શરુ કર્યું સ્ટાર્ટ અપ

વલ્લભ વિદ્યાનગર, તા. ૫

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ના પ્રોડકશન એન્જીનીયરીંગ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ચિંતનકુમાર બી.આહીરે લાયન્સ ફ્યુચર ટેક પ્રાયવેટ લિમિટેડ ના નામે સ્ટાર્ટઅપ શરુ કર્યુ છે જેને સ્ટાર્ટઅપ ઈન્ડિયા દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૦ માં ઓટોમોટિવ તથા ઓટો,ટ્રક્સ એન્ડ મોટરસાયકલ પાર્ટ્સ માં માન્યતા મળી છે.આ પ્રસંગે સ્ટાર્ટ અપ ના ફાઉન્ડર ચિંતનકુમારે જણાવ્યું હતુ કે લોકડાઉન દરમ્યાન આખું વિશ્વ નાણાકીય તકલીફો માં થી પસાર થયું તથા ઘણા લોકો એ પોતાની નોકરી ગુમાવી પણ એવી આફતો ને અવસર માં બદલવાની તક સમય હંમેશા આપતો હોય છે એ જુસ્સા સાથે ચિંતનકુમારે બેટરી આસિસ્ટેડ વેહીકલ્સ ,બાઈસિકલ્સ, ઈ-બાઈક્સ પર અભ્યાસ તથા સર્વે શરુ કર્યો.ઈલેક્ટ્રિક વેહિકલ ના આવનારા સમય ને જોતા તે દિશા માં પ્રોડક્ટ ડેવલપમેન્ટ હાથ ધરવામાં આવશે.ઉપરોક્ત સ્ટાર્ટઅપ નો ઉદેશ્ય ટ્રાન્પોર્ટેશન માં માઈક્રોમોબોલીટી ઈમ્પ્લીમેન્ટ કરવાનો છે જેમાં ઉદાહરણ તરીકે એજ્યુકેશન કેમ્પસ માં તેને ઈમ્પલીમેંટ કરતા દરેક વ્યક્તિ કેમ્પસ ટ્રાન્સપોર્ટેશન માટે ઈલેક્ટ્રિક સ્કૂટર તથા બાઈક નો ઉપયોગ કરી શકે.જેથી પાર્કિંગ ની સમસ્યા,કાર્બન એમિશન જેવી સમસ્યા નિવારી શકાય છે તથા સ્પેસ યૂટિલાઈઝેશન કાર્યક્ષમ બને છે આ ઉપરાંત ઓમાન ખાતે સ્થાયી થયેલ તેમના પિતા ઓટોમોબાઈલ નો બિઝનેસ ધરાવે છે તથા બેટરી આસીસ્ટેડ વેહીકલ્સ માટે ઓમાન સરકાર ના મંત્રાલય માં પણ રજુઆત કરવામાં આવી છે જે વિચારણા હેઠળ છે.વર્તમાન સમય માં ચિંતનકુમાર દ્વારા સ્ટાર્ટઅપ ગુજરાત અંતર્ગત MSME માં પણ પ્રપોઝલ મુકવામાં આવશે તેમ જણાવ્યું હતું.



આ પ્રસંગે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે ચિંતનકુમાર ને અભિનંદન પાઠવ્યા હતા તથા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ જોબ સીકર્સ ને બદલે જોબ ગિવર્સ બને તે માટે આંત્રપ્રેન્યોરશિપ,સ્ટાર્ટ-અપ,પ્રોટોટાઈપ,પ્રુફ ઓફ કન્સેપટ ,પેટન્ટ ડ્રાફ્ટિંગ એન્ડ ફાઈલિંગ વિષય પર વર્ષ દરમ્યાન ઘણા વેબિનાર્સ,વર્કશોપ તથા આઈડિયાથોન તથા હેકાથોન નું આયોજન કરવામાં આવે છે જે વિદ્યાર્થીઓ ને કરીઅર ડેવલપમેન્ટ માટે ઘણું ઉપયોગી બને છે.આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે ભારત સરકાર ના ઈલેક્ટ્રિકલ વેહીકલ્સ તરફ ના પ્રોત્સાહન પ્રમાણે વર્ષ ૨૦૩૦ સુધી માં ૩૦% જેટલું વેહીકલ્સ સેગ્મેન્ટ આવરી લેશે.વર્તમાન સમય માં ૧૫૦ જેટલા ચાર્જિંગ સ્ટેશન ઉપલબ્ધ છે તથા આગામી સમય માં ૬૨ શહેરો માં ૨૬૦૦ થી વધુ ચાર્જિંગ સ્ટેશન ઉપલબ્ધ થશે તથા ૫ થી ૭ મિલિયન બેટરી ઓપરેટેડ વેહીકલ્સ તથા ૪૦૦૦૦૦૦ થી વધુ બેટરી ઓપરેટેડ પેસેન્જર કાર્સ ઉપલબ્ધ થશે જેથી ૧૨૦ મિલિયન બેરલ જેટલું ઈંધણ બચશે તથા ૪ મિલિયન ટન જેટલો કાર્બન ડાયોક્સાઈડ હવામાં ઠલવાતો બંધ થશે જેની સીધી અનુકૂળ અસર પર્યાવરણ પર વર્તાશે

આ પ્રસંગે પ્રોડક્શન એન્જીન્યરીંગ ડિપાર્ટમેન્ટ ના વડા પ્રો.કમલેશ ભટ્ટે અભિનંદન પાઠવ્યા હતા


બીવીએમ ના વિદ્યાર્થી ની આ સફળતા બદલ ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદેદારો એ શુભેચ્છા વ્યક્ત કરી હતી.

### ગાંધીનગર મહાનગરપાલિકાના ઉપક્રમે

# સ્વચ્છ ભારત મિશન અને સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૧ અંતર્ગત શાળાઓ, મહાશાળાઓના આચાર્યો-શિક્ષકો માટે વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૫

સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૧ અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકા અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીપ્રેરિત નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે શાળાઓ, મહાશાળાઓ ના આચાર્યો-શિક્ષકો માટે વેબીનાર યોજાયો. આ વેબીનારનો વિષય સ્વચ્છતા અભિયાનમાં શાળા-કોલેજોની ભૂમિકા,અને શાળા-કોલેજમાંથી ઉદભવતા કચરાનું વ્યવસ્થાપન રાખવામાં આવ્યો હતો.




આ વેબીનારમાં વક્તા તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી,અને ગાંધીનગરની સામાજિક અને શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલા કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે શિક્ષક સમાજમાં પરિવર્તન લાવી શકે છે. તેમજ સ્વરછતા એ આપણા સંસ્કાર છે અને સંસ્કાર આપવાનું કામ માત્ર શિક્ષકોજ કરી શકે છે. ગાંધીનગરને સ્વરછ રાખવાની જવાબદારી શાળાના સંચાલકો, શિક્ષકો અને પ્રજાજનોની છે. ગાંધીનગર એ માત્ર ગુજરાતનું રાજકીય પાટનગર નથી પણ શૈક્ષણિક પાટનગર પણ છે કારણકે ગાંધીનગરમાં ૧૯ જેટલી યુનિવર્સીટીઓ આવેલી છે. મોટી સંખ્યામાં શિક્ષકો તેમના પરિવાર સાથે ગાંધીનગરમાં વસે છે. જેથી ગાંધીનગર સ્વરછતા બાબતે હમેશા બીજા શહેરો કરતા અગ્રેસર રહે છે. જેનું ગાંધીનગરમાં વસતા દરેક નાગરિકોને ગર્વ હોવું જોઈએ.

બીજા વકતા તરીકે પૂર્વ જનસંપર્ક અધિકારી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, નરેશ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વકતવ્યમાં શાળાઓ અને મહાશાળાઓ માં જે કચરો પેદા થાય છે તેનું વ્યવસ્થાપન કઈ રીતે કરી શકાય તેનું પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સમજુતી આપી હતી. તેમજ સુકો કચરો અને ભીનો કચરો અલગ અલગ કચરા પેટીમાં નાખીને મહાનગરપાલિકાના સ્વચ્છતાના કાર્યમાં સહયોગ આપવાની વાત કરી હતી. હાનીકારક પ્લાસ્ટીકનો જેમ બને તેમ ઓછો ઉપયોગ કરવાની હિમાયત કરી હતી. શાળા અને મહાશાળાઓમાં થી નીકળતા ઘન કચરાનું રીસાયકલીગ કરીને તેમાંથી ખાતર બનાવી ઉપયોગ કરવા ની વાત કરી હતી.

આ કાર્યક્રમમાં ગાંધીનગર ની શાળાઓ અને મહાશાળાઓના આચાર્યો અને શિક્ષકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને તેમને પોતાના પ્રતિભાવો પણ આપ્યા હતા. આ પ્રસંગે નિસર્ગના મેનેજીંગ ટ્રસ્ટી,ડો.અનીલ પટેલ દ્વારા શિક્ષકો અને આચાર્યોનો સ્વરછતા સર્વેક્ષણ ના અભિયાનમાં જોડાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો .

## જન્મદિને વધામણી



ભગીરથસિંહ ગોહિલ
મો. ૯૫૧૦૮ ૫૧૫૯૭



ચૌહાણ ધર્મવીરસિંહ વિજયસિંહ
મો. ૯૪૨૯૦ ૨૭૨૨૭



ક્રિસીલ કાર્તિક પટેલ
મો. ૯૪૦૯૬ ૧૯૯૯૮

# કેરળની ૧૫૦ એન્જિનિયરિંગ કોલેજોના વિદ્યાર્થીઓ સીસીએલ-આઈઆઈટી ગાંધીનગરની ટીમ પાસેથી ‘જોય ઓફ એન્જિનિયરિંગ’ શીખ્યા

**એપીજે અબ્દુલ કલામ ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની ઇન્ડક્શન તાલીમના ભાગ રૂપે, સીસીએલ-આઈઆઈટી ગાંધીનગરે ૧.૫ કલાકનું એક એવા બે ઓનલાઇન સત્રો યોજ્યા**

ગાંધીનગર, તા. ૫

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)ના




સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ (સીસીએલ)એ તાજેતરમાં એપીજે અબ્દુલ કલામ ટેકનોલોજીકલ યુનિવર્સિટી, જે કેરળ ટેકનોલોજીકલ યુનિવર્સિટી તરીકે પણ ઓળખાય છે, તેની સાથે સંકળાયેલી આશરે ૧૫૦ એન્જિનિયરિંગ કોલેજોના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે “ધ જોય ઓફ એન્જિનિયરિંગ” પર બે ઓનલાઈન સત્રો યોજ્યા હતા. ૩૦ નવેમ્બર અને ૨ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ હાથ ધરવામાં આવેલા લગભગ ૧.૫ કલાકના બંને સત્રો, યુનિવર્સિટીની નવી એન્જિનિયરિંગ બેચની ઈન્ડક્શન તાલીમના ભાગરૂપે યોજાયા હતા.

આ હેન્ડ્સ-ઓન સત્રોનો હેતુ એલ્ગોરિધમિક અને જટિલ વિચારસરણી, સમસ્યા-નિરાકરણ, અને એન્જિનિયરિંગ શિક્ષણ પ્રત્યે સંશોધન અભિગમ પર ધ્યાન કેન્દ્રિત કરીને, એન્જિનિયરિંગ વિશે વિદ્યાર્થીઓને પ્રેરણા આપવાનો હતો. સત્રો દરમિયાન સીસીએલની ટીમે ચર્ચા કરેલા વિષયોમાં એનિગ્મા મશીનને પાયામાંથી સમજવું અને બનાવવું, માત્ર પાટા જોઈને કમ્પ્યુટેશનલી સાયકલની દિશા શોધી કાઢવી, મશીનની વાસ્તવિક વ્યાખ્યા, સિલિન્ડર અને વર્તુળની સરખામણી, આર્કીમીડીઝની વાત, કોમ્બિનોટ્રીક્સ, અને અન્ય રસપ્રદ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

આ સત્રોને અત્યાર સુધીમાં ૭૦ હજારથી વધુ ઓનલાઈન વ્યુઝ મળ્યા છે, અને દર્શકો સતત વધી રહ્યા છે તેમજ સત્રોની શૈલી અને વિષયોની પ્રશંસા કરતી કમેંટ્સ શેર કરી રહ્યાં છે. આ ઈન્ડક્શન સત્રો પર પોતાના વિચારો શેર કરતાં આઈઆઈટી ગાંધીનગરના સહયોગી અધ્યાપક પ્રોફેસર મનીષ જૈને કહ્યું, “કેરળ રાજયના ૬૫,૦૦૦ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવાનો અનુભવ અદભૂત હતો. ઓનલાઈન શિક્ષણથી દેશભરના વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો સાથે જોડાવાની આ અનોખી તક મળી છે. આ ત્રણ કલાકમાં, અમે એ જણાવવાની કોશિશ કરી છે કે એન્જિનિયરિંગ શું કરી શકે અને તે શું હોવું જોઈએ. આશા છે કે, અમે આપણા ભાવિ ઈજનેરોના દિમાગ અને દિલને પ્રજ્વલિત કરવામાં સમર્થ થઈશું જેઓ




દેશને નવી ઉંચાઈ પર લઈ જશે.”

સીસીએલના સત્રોને ભાગ લેનારા વિદ્યાર્થીઓ તરફથી ખૂબ પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો. ત્રિવેન્દ્રમની ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થી અક્ષય આર એસ એ પોતાનો પ્રતિસાદ આપતાં કહ્યું, “હું તમારા સત્રની પ્રવૃત્તિઓમાંથી એન્જિનિયરિંગના સ્કોપ અને શક્યતાઓને જાણીને ખૂબ જ હચમચી ગયો હતો. તેણે મારી આંખો ખોલી દીધી. તમે જે શીખવો છો તેનો આનંદ તમે કેવી રીતે લો છો તે ખરેખર પ્રેરણાદાયક છે.’

બીજી એક દર્શક અર્ચના સિધ્ધાર્થે કહ્યું, “એન્જિનિયરિંગના હાર્દની શોધ માટે અમને પ્રેરણા આપવા બદલ આભાર...”

# શ્રી જે.બી.પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન કુટુંબ પરિચય અને માતૃ-પિતૃ વંદના કરાઈ

ગાંધીનગર, તા. ૫

સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૮ ના વિધાર્થીઓ માટે તા. ૦૪-૧૨-૨૦૨૦ ના રોજ ઓનલાઈન કુટુંબ પરિચય અને વડીલો ની વંદના સહ પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ ધોરણ ના કુલ ૧૧૪ વિધાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે ધોરણ ૧ અને ૨ ના બાળકો એ તેમના વડીલો ના ફોટા દ્વારા વિસ્તૃત પરિચય આપ્યો હતો અને ૩ થી ૮ ના બાળકોએ દાદા-દાદી અને માતા-પિતા ને કુમકુમ અને અક્ષતનો ચાંદલો કરી આરતી ઉતારી હતી અને ચરણ સ્પર્શ કરી જીવનની સફળતાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં. શાળાનાં શિક્ષકો દ્વારા માતૃ-પિતૃ વંદના સહ પૂજનનું મહત્વ સમજાવી વડીલોનું જીવનમાં શું સ્થાન છે તેનું જ્ઞાન આપી પૂજન કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.




શાળાનાં આચાર્યનીલાબેન પટેલે ભાગ લેનાર વિધાર્થીઓ માતા-પિતા ને હંમેશ માટે સહયોગ આપી વડીલો તથા જ્ઞાન પ્રદાન કરતા ગુરુજનો ની આજ્ઞાનું પાલન કરી જીવનમાં પ્રગતિ કરે તેવી શીખ આપી અભિનંદન પાઠવ્યાં હતાં.

# વિનસ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી, ગાંધીનગર દ્વારા ‘પહેલી આંતરરાષ્ટ્રીય સ્પાઇન વર્ચુઅલ કોન્ફરન્સ’ યોજાઈ

ગાંધીનગર, તા. ૫

વિનસ ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝિઓથેરાપી ગાંધીનગર દ્વારા ઈન્ડિયન કલીનીકલ રિસર્ચ અસોસિએસન, માય રિહેબ એકેડમી (MRA) અને ફેડરશન ઓફ ઈન્ડિયન મેન્યુઅલ થેરાપી (FIMT) નો સંયુક્ત સહયોગથી તાજેતરમાં “Empowering Physiotherapists in spinal care and Research” વિષય પર કોરોના કાળને ધ્યાન માં રાખીને ઓનલાઈન પ્લેટફોર્મના માધ્યમથી કોન્ફરન્સનું આયોજન કર્યું હતું.

કોન્ફરન્સની શરૂઆત ૨૮-નવેમ્બર,૨૦૨૦ ની સવારે ૯ વાગ્યે ડૉ. હિના શેખદ્વારા ઉષ્માભર્યા શબ્દોથી થઈ હતી.ડો. હિના શેખે પોતાના મંતવ્યમાં મુખ્ય અતિથિ આદી જૈન (વાઈસ પ્રેસિડ્ન્ટ, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી), ડૉ. કાર્તિક જૈન (કુલપતિ, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી), અતિથી વિશેષ એવા ડૉ. ઈફતીકાર અલી, ખાસ આમંત્રિત અતિથી એવા ડૉ. બી. કે. લાંબા, સલાહ સૂચક એવા ડૉ. ઉપેન્દ્ર પટેલ (રજિસ્ટ્રાર,સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી), પ્રોફે. હિરેન કડીકર (એકેડેમિક ડિરેક્ટર, હેલ્થ સાયન્સ, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી), આયોજન અધ્યક્ષ એવા ડૉ. અરવિંદકુમાર ચૌહાન (પ્રિન્સિપાલ, ફિઝિયોથેરાપી - સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી), આયોજન સહ-અધ્યક્ષ એવા ડૉ. સુમનજીત શર્મા (MRA), સાઈન્ટીફિક કમિટી અધ્યક્ષ એવા ડૉ. મોહંમદ




સિદિકૅ(ઝઈછ) અને સાઈન્ટીફિક કમિટી સહ-અધ્યક્ષ એવા ડૉ. પર્લસન કે. (FIMT) ની ઉપસ્થિતિ હૃદયપૂર્વક બિરદાવી હતી.


ડૉ.અરવિંદકુમાર એ ફીઝિઓથેરાપી ક્ષેત્રમાં રીસર્ચ નું મહત્વ સમજાવતા કહ્યું હતુ કે આ ક્ષેત્રને શ્રેષ્ઠતમ બનાવવા માટે રીસર્ચનો ફાળો નોંધપાત્ર અને અમૂલ્ય છે. ડૉ. મોહંમદ સિદિકએ કોન્ફરન્સને સફળ બનાવવા સૌ લોકોની મહેનતને વખાણ્યા હતા અને કોન્ફરન્સના શ્રેષ્ઠ એવા પાંચ પ્રતિસ્પર્ધિઓને ICRA ની મેમ્બરશીપ આપવાની જાહેરાત કરી હતી. કોન્ફરન્સના મુખ્ય અતિથી એવા ડૉ. કાર્તિક જૈનએ પ્રેરણાદાયક મંતવ્ય સાથે સર્વને આવકાર્યા અને કોન્ફરન્સ માટે આયોજન ટીમ ના સભ્યોના સમૂહ કાર્યને બિરદાવ્યા હતા.

કોન્ફરન્સની શરૂઆત માં દેશ-વિદેશ થી આમંત્રિત અને ફીઝીઓથેરાપી ક્ષેત્ર ના અમૂલ્ય રત્નો સમાન એવા વિષય તજજ્ઞોના વ્યાખ્યાનથી થઈ હતી. કોન્ફરન્સમાં ભારત, અમેરિકા, કેનેડા, સાઉદી અરેબિયા, યુનાઈટેડ અરબ ઈમીરેટ્સ જેવા દેશો થી ૨૪ જેટલા વિષય તજજ્ઞોએ સર્વને સુ-શિક્ષિત કર્યા હતા. ભારત દેશના તજજ્ઞો એવા ડૉ.પર્લસન કે. અને ડૉ.નીતુ વર્મા એ સર્વાઈકલ અને લંબર સ્પાઈન એરિયાની તકલીફો અને નિવારણોની ચર્ચા કરી હતી. અમેરિકાથી આમંત્રિત એવા ડૉ. ટોડ રિડલએ ઓલમ્પિક રમતવીરોમાં ઉદભવતી તકલીફો ના કારણો અને નિવારણોની ચર્ચા કરી હતી. તદુપરાંત કેનેડાથી આમંત્રિત એવા ડૉ. વેંકટ આર. એસ. રામાચન્દ્રનએ અકસ્માતની કરોડરજ્જુ પર થતી અસરો અને સર્જરી પશ્ચાત આપવામાં આવતી ફીઝિઓથેરાપી સારવારની ચર્ચા કરી હતી. ડૉ. મોહંમદ ફૈઝલએ ફીઝીઓથેરાપીમાં રોબોટિક એક્ઝોસ્કેલેટનની ચર્ચા સાથે સ્પાઈનલ કોર્ડને લગતી તકલીફોના નિવારણની જાણકારી સર્વને આપી હતી.

કોન્ફરન્સમાં વિષય તજજ્ઞો ઉપરાંત પેપર પ્રેઝન્ટેસન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૪ જેટલા પ્રતિસ્પર્ધીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં જજ તરીકે ડૉ.પ્રિયાંશુ રાઠોડ, ડૉ.એમ.બાલાગનપથી, ડૉ.શૈલેન્દ્ર મેહતા અને ડૉ.હરિહરા પ્રકાશ ઉપસ્થિત રહ્યા હતા. પેપર પ્રેઝન્ટેસન સ્પર્ધામાં ડૉ.શ્વેતા રાખોલિયા પ્રથમ, ડૉ.નેહલ અગ્રવાલ દ્રિતીય અને ડૉ.એમ. થેનમોઝી અને ડો. કોહીલાવાની એસ. તૃતીય ક્રમાંકે વિજયી થયા હતા.કોન્ફરન્સને સમગ્ર વિશ્વમાંથી ખૂબ સારો સહકાર મળ્યો હતો, જેમાં ૨૫૦૦ રજીસ્ટર્ડ લોકો અને ૨૪૦૦ લોકો ભારત, અમેરિકા, કેનેડા, બાંગ્લાદેશ, નાઈજેરિયા, મલેશિયા, સિંગાપોર, યુ.એ.ઈ. અને સાઉદી અરેબિયા દેશોથી ફેસબુક લાઈવથી કોન્ફરન્સમાં જોડાયેલા હતા.

# INS વાલસુરા ખાતે ‘બિટિંગ રીટ્રીટ’નું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૫



નૌસેના દિવસ ૨૦૨૦ની ઉજવણીના ભાગરૂપે INS વાલસુરા ખાતે ૦૪ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ‘બિટિંગ રીટ્રીટ’નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી મોટી સંખ્યામાં લોકો સુધી પહોંચે અને સાથે સાથે કોવિડ-૧૯ના પ્રોટોકોલનું પાલન પણ થાય તે હેતુથી લોકપ્રિય ટીવી ચેનલો અને જામનગર શહેરમાં ઉપલબ્ધ ઑનલાઈન પોર્ટલોની મદદથી આ સંસ્થામાં અને શહેરમાં વસ્તા લોકો માટે આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યુ હતું.



બિટિંગ રીટ્રીટ કાર્યક્રમ દરમિયાન નેવલ બેન્ડ દ્વારા દિલને સ્પર્શી જાય તેવા પરફોર્મન્સ ઉપરાંત, આ સાંધ્ય કાર્યક્રમમાં કન્ટિન્યુટી ડ્રીલ, PT અને મશાલ પ્રદર્શન પણ સમાવવામાં આવ્યા હતા. કન્ટિન્યુટી ડ્રીલમાં હથિયારો ચલાવવાની નિપુણતા બતાવવામાં આવી હતી જ્યારે મશાલ પ્રદર્શનમાં અધિકારીઓ અને તાલીમાર્થી નાવિકોની શારીરિક સક્ષમતા અને બહાદુરી બતાવવામાં આવી હતી જેનાથી તમામ પ્રેક્ષકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. વાલસુરા બેન્ડ દ્વારા ટ્યૂબ બેલના ડિસ્ટન્ટ ચાઈમ્સ સહિત મિલિટરી ધૂન વગાડવામાં આવી હતી જેનાથી મંત્રમુગ્ધ માહોલ સર્જાયો હતો અને સૂર્યાસ્ત સમયે યોજાયેલા આ કાર્યક્રમમાં નૌસેનાના ધ્વજનું અવરોહણ કરતા પહેલાં તમામ પ્રેક્ષકો તેમાં તલ્લીન થઈ ગયા હતા.



